હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

મારા કોઈ ભાઈબંધનાં ફોન નથી આવતા... કોરોનામાં મરી ગયા હશે...??

શહેરની હૉસ્પિટલમાં ૨૩ ડૉક્ટરો સામે ૧૦ ડૉક્ટરો જ...

ગાંધીનગર, તા.૨૨

કોરોનાએ શહેરને અજગરી ભરડો લીધો છે. શહેરમાં કોરોનાના દર્દીઓનો આંક રોજ વધી રહ્યો છે. શહેરમાં વધતા કેસને લઈ તંત્ર પણ ચિંતિત નજરે પડી રહ્યું છે. ત્યારે કોવીડ હોસ્પિટલમાં કોરોના પોઝીટીવ દર્દીઓ તેમજ સસ્પેકટેડ દર્દીઓની સારવાર ગણતરીના મેડીસીન ડોકટર કરી રહ્યા છે. ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મેડીસીન વિભાગમાં ડોકટરોની ઘટ વર્તાઈ રહી છે. હોસ્પિટલમાં ૨૩ ડોકટરની સામે માત્ર ૧૦ ડોકટર કોરોનાના કહેર વચ્ચે પણ સતત ફરજ બજાવી રહ્યા છે. ત્યારે સિવિલના મેડીસીન ડોકટરને અમદાવાદ ખાતે ડેપ્યુટેશન પર મોકલવામાં આવતા છે. ત્યારે મેડીસીન વિભાગના ગણતરીના ડોકટર્સ કોરોના દર્દીઓને પણ સારવાર આપી સ્વસ્થ બનાવી રહ્યા છે અને અન્ય દર્દીઓને પણ સેવા આપી રહ્યા છે. ત્યારે મેડીસીન ડોકટર પર કામનુ ભારણ વધુ રહેવા પામે છે.

વિશ્વમાં કોરોનાએ કોહરામ મચાવ્યો છે. ત્યારે તેની સામે કોરોના વોરીયર્સ બનીને ડોકટરો દર્દીની સારવાર કરી રહ્યા છે. કોરોનાની સારવાર મેડીસીન વિભાગના ડોકટર દ્વારા કરવામાં આવે છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મેડીસીન વિભાગમાં ડોકટર્સની પહેલા થી જ ઘટ જોવા મળી રહી છે. એક પ્રોફેસર, આઠ એસોસીએટ, આઠ આસીસ્ટન્ટ અને છ એસઆર મળી મેડીકલ કોલેજમાં કુલ ૨૦૦ની સીટ છે અને તે માટે ૨૩ મેડીસીન ડોકટરની જોગવાઈ છે. તેની સામે હાલ માત્ર ગાંધીનગર સિવિલમાં ૧૦ જ મેડીસીન ડોકટર ફરજ બજાવી રહ્યા છે. આ ડોકટરની ટીમ કોરોના વોર્ડ ચલાવી રહ્યા છે એટલુ જ નહી આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓએ અહીં ઉત્તમ ઉદાહરણીય રુપ વહીવટ કર્યો છે. એક તરફ ડોકટરોની ઘટ અને કેસની સંખ્યા વધુ હોવા છતા અમદાવાદ ખાતે ગાંધીનગર સિવિલથી ડોકટરને ડેપ્યુટેશનમાં મુકવામાં આવ્યા છે. ગાંધીનગર મેડીસીન વિભાગના એચઓડીને ડેપ્યુટેશનમાં મુકવામાં આવતા ગાંધીનગર સિવિલમાં વધુ ઘટ ઉભી થવા પામી છે અને કામગીરીનું ભારણ અન્ય ડોકટર પર ખુબ વધી જવા પામ્યું છે. ગાંધીનગર સિવિલને ૩૦૦ બેડની કોવિડ હોસ્પિટલમાં ફેરવવાની હતી તે પહેલા કલેકટરે ખાસ જાહેરાત આપીને મેડીકલ અને પેરામેડીકલ જગ્યા માટે ઈન્ટરવ્યુ રાખ્યા હતા. પરંતુ આ ઈન્ટરવ્યુમાં પણ એક પણ ફીઝીશીયન ડોકટર આવ્યા ન હતા. જેથી ૩૦૦ બેડની કોવિડ માટે ૩૩ ફીઝીશીયનની જાહેરાત આપી હતી. પણ હાલની સ્થિતિમાં એક પણ ફીઝીશીયનની ભરતી કરાઈ નથી. જેને પગલે સિવિલમાં બાકી રહેલા અન્ય ફિઝીશીયન ડોકટર પર કામનો બોજ સતત રોજ વધી રહ્યો છે.

લોકડાઉન-૪ નવા રંગરૂપમાં આવશે તેવું વડાપ્રધાને કહ્યું હતું અને ખરેખર ગાંધીનગરના માર્ગો પર જો નજર કરીએ તો લોકડાઉન જેવું કાંઈ હોય તેવું પણ જણાતું નથી તેટલો ટ્રાફિક પણ જોવા મળી રહ્યો છે અને વાહનચાલકો દ્વારા ફરી એજ રીતે વાહનો આડેધડ પાર્કિંગ કરવાની વૃત્તિ પણ છતી થઈ રહી છે. એમાં પણ અત્યારે વાહનચાલકોને એવો વિશ્વાસ છે કે ટ્રાફિકના નિયમોનું પાલન કરાવવા બાબતે તંત્ર ઢીલી નીતિ અખત્યાર કરી રહ્યું છે તેથી 'ડર' દૂર થતાં જ વાહનચાલકોની એજ જુની ફિતરત ફરી બહાર આવી રહી છે.

લંડનની સંસ્થા વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા નગરના ડે.મેયર નાઝાભાઈને સ્ટાર-૨૦૨૦ સર્ટીફિકેટથી સન્માનિત કરાયા

ગાંધીનગર, તા.૨૨

સમગ્ર વિશ્વમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. ત્યારે વૈશ્વિક મહામારીના સમયમાં કેટલાક નેતાઓ અને સમાજસેવકો દેવદુત બનીને નાગરીકોની સેવા કરવામાં કયારેય પાછુ વળીને જોયુ નથી. ત્યારે શહેરના સેવાભાવી નાગરીક અને મનપાના ડે.મેયર નાઝાભાઈ ઘાંઘર દ્વારા કોરોનાના કહેર વચ્ચે પણ તેઓએ કરેલી અભુતપૂર્વ કામગીરી બદલ લંડન સ્થિત વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા સ્ટાર-૨૦૨૦ સર્ટીફીકેટ એનાયત કરીને તેમની કામગીરીને બિરદાવી હતી. ઉલ્લેખનીય છે કે સંસ્થાએ સ્ટાર ૨૦૨૦ સર્ટીફિકેટ સમગ્ર દેશમાં જેને અમુલ્ય કામગીરી કરી હોય તેવા સન્માનિત

વિભૂતિઓને આપીને સંસ્થા તેમનું અભિવાદન કરે છે. સંસ્થાએ સ્ટાર ૨૦૨૦ સર્ટીફિકેટ ભારતમાં અમિતાભ બચ્ચન, રતન ટાટા, આદિ ગોદરેજ, નિતિન ગડકરી, અક્ષય કુમાર સહિત દેશની નામી હસ્તીઓને આ સર્ટીફિકેટ થી સન્માનિત કરવામાં આવ્યા છે. ત્યારે ગાંધીનગરમાં પણ નાઝાભાઈને પણ ખાસ સન્માનિત કરવામાં આવ્યા છે. ત્યારે આ અદ્‌ભુત ક્ષણ ગાંધીનગરવાસીઓ માટે આનંદ માટેની ક્ષણ છે. સ્ટાર ૨૦૨૦ સર્ટીફિકેટ બદલ લંડનના સાંસદ વિરેન્દ્ર શર્મા, સંસ્થાના ભારતના અધ્યક્ષ સંતોષ શુકલ અને ડિરેકટર અને ગુજરાતના અધ્યક્ષ અશ્વિનભાઈ ત્રિવેદીએ નાઝાભાઈને અભિનંદન પાઠવ્યા હતા.

આર્થિક ગતિવિધિઓને પૂર્વવત કરવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ

શરતો સાથે જનજીવન પુનઃ સામાન્ય કરાશે : આવશ્યક ચીજવસ્તુઓ-સેવાઓની દુકાનોને ઓડ-ઇવન જોગવાઈ લાગૂ પડશે નહીં : દુકાનો નિયમિત ચાલુ રહેશે

ગાંધીનગર,તા.૨૨

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યમાં જનજીવન પૂનઃ સામાન્ય કરવા તેમજ ઊદ્યોગ, વેપાર, ખાનગી ઓફિસીસ, નાની-મોટી દુકાનોમાં આર્થિક ગતિવિધિઓ પૂનઃ શરૂ થાય તે માટે લોકડાઉન-૪ માં કેટલીક શરતો સાથે છૂટછાટો આપી છે. મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે આ અંગેની વિગતો આપતાં કહ્યું કે, આના પરિણામે રાજ્યમાં એક નવો માહોલ ઊભો થયો છે. એટલું જ નહિ, મોટા પ્રમાણમાં લોકો પણ સોશિયલ ડિસ્ટન્સીંગ નિયમોનું અનુપાલન, ફરજિયાત માસ્ક ઉપયોગ અને કોરોના સંક્રમણથી પોતે અને અન્યોને બચાવવાની સારી આદતો સાથે રોજિંદા જીવનમાં ગોઠવાવા લાગ્યા છે. તેમણે જણાવ્યું કે, રાજ્ય સરકારે લોકડાઉન-૪ સંદર્ભે આર્થિક પ્રવૃત્તિઓને રાજ્યમાં ઉત્તેજન મળે તથા લોકોને આજિવીકા-આવક મળતી થાય સાથોસાથ સ્વચ્છતા-સ્વસ્થતા અને આરોગ્ય જળવાઇ રહે તે માટે માર્ગદર્શિકા-ગાઇડલાઇન બહાર પાડેલી છે. રાજ્ય સરકારે આ ગાઇડલાઇન્સ સાથોસાથ રાજ્યમાં થાળે પડતી જતી પરિસ્થિતીને અનુલક્ષીને નિર્ણયો કરવાનો વ્યૂહ પણ અપનાવેલો છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ હેતુસર એવો નિર્ણય કર્યો છે કે રાજ્યમાં આવશ્યક ચીજવસ્તુઓનું વેચાણ કરતી કે આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલી દુકાનોને ઓડ-ઈવનની જોગવાઈઓ લાગુ પડશે નહિ. મુખ્યમંત્રીના સચિવએ આ અંગેની વિસ્તૃત સમજ આપતાં જણાવ્યું કે, આવશ્યક સેવાઓ કે આવશ્યક ચીજવસ્તુઓ સાથે સંકળાયેલી દુકાનો નિયમીત રીતે દરરોજ ચાલુ રાખી શકાશે, એટલે કે એક દિવસ ચાલુ એક દિવસ બંધ રાખવાની રહેશે નહિં.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યના હાઇવે પર આવેલા પેટ્રોલ પંપ માટે પણ એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. અશ્વિનીકુમારે આ નિર્ણય સંદર્ભમાં જણાવ્યું કે, રાજ્યમાં માલવાહક વાહનો સહિત હાઇ-વે પર અવર-જવર કરતા વાહનોને સરળતાએ પેટ્રોલ-ડિઝલ મળી રહે તે માટે મુખ્યમંત્રીએ હાઇવે પર આવેલા પેટ્રોલ પંપને કોઇ પણ જાતના સમયના બાધ વગર એટલે કે જરૂરીયાત જણાયે ૨૪ કલાક ખૂલ્લા રાખવાની પણ અનુમતિ આપી છે.

ગરીબ-અંત્યોદય પરિવારોને છઠ્ઠા દિવસે મફતમાં વિતરણ

૧૭ હજાર સસ્તા અનાજની દુકોનો પરથી વિતરણ : અમદાવાદ શહેર સિવાયના સમગ્ર રાજ્યમાં ૪૫ લાખ એનએફએસએ કુટુંબોએ અનાજનો પુરવઠો મેળવ્યો

ગાંધીનગર,તા.૨૨

મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે રાજ્યભરમાં પ્રવર્તમાન સ્થિતીમાં રાજ્ય સરકાર દ્વારા એનએફએસએ કાર્ડધારકોને કરવામાં આવી રહેલા વિનામૂલ્યે અનાજ વિતરણની વિગતો આપતા કહ્યું હતું કે, અમદાવાદ શહેર સિવાય રાજ્યમાં મે મહિના માટે વિનામૂલ્યે અનાજ વિતરણના છઠ્ઠા દિવસે અંદાજે ૪૫ લાખ જેટલાં એનએફએસએ કુટુંબોને આ અનાજ પહોંચાડવામાં આવ્યું છે.

જેમાં ગુજરાત સરકાર દ્વારા મે માસમાં વિનામૂલ્યે ૧૦ કિલો ઘઉં, ૩ કિલો ચોખા, ૧ કિલો ખાંડ, ૧ કિલો ચણા અથવા દાળ એમ કુલ- ૧૫ કિલો જ્યારે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત વ્યક્તિદીઠ વધારાના ૩.૫ કિલો ઘઉં તેમજ ૧.૫ કિલો ચોખા એમ કુલ-૨૦ કિલો અનાજનો જથ્થો સરકાર માન્ય ૧૭ હજાર જેટલી સસ્તા અનાજની દુકાનો પરથી સંપૂર્ણ સામાજિક અંતર સાથે વિતરણ થઇ રહ્યો છે.

૬૮.૮૦ લાખ એનએફએસએ કાર્ડધારકોને રાજ્ય સરકારના તથા ભારત સરકારની પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત મળવાપાત્ર એમ બેય મળીને કુલ ૨૦ કિલો જથ્થાનું પુરવઠાનું ખૂબ જ સારી રીતે, સામાજિક અંતર જાળવવા, ફરજિયાત માસ્કના ઉપયોગ સાથે વિનામૂલ્યે વિતરણ અમદાવાદ શહેર સિવાય સમગ્ર રાજ્યમાં તા.૧૭ મે થી શરૂ થયું છે.

આજે તા.૨૨મી મે શુક્રવાર સુધીમાં ૪૫ લાખ રેશનકાર્ડધારકોએ આ વિનામૂલ્યે અનાજ વિતરણનો લાભ લીધો છે. તેમણે કહ્યું હતુ કે, રાજ્યમાં ૧૭ હજાર જેટલી સસ્તા અનાજની દુકાનો ધરાવતા ભાઈ-બહેનોએ ગરીબ, સામાન્ય અને મધ્યમ વર્ગના કુટુંબોને અનાજ પહોંચે, તેમને સમયસર રાશન મળી જાય તેના માટે એપ્રિલ અને મે માસ એમ બે મહિના દરમિયાન રાત-દિવસ જોયા વિના સતત કામગીરી કરી છે તે ખૂબ જ પ્રશંસનીય છે. મુખ્યમંત્રીના સચિવે આ કામગીરી માટે અભિનંદન પણ પાઠવ્યા હતા. આ અંગેની વધુ વિગતો આપતાં મુખ્યમંત્રીના સચિવે કહ્યું કે, રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા હેઠળ સમાવેશ કરાયેલ કુલ ૬૮.૮૦ લાખ રેશનકાર્ડ ધારકોની ૩ કરોડ ૩૬ લાખ જનસંખ્યાને એપ્રિલ મહિનાની જેમ જ મે મહિના દરમ્યાન ઘઉં, ચોખા, ખાંડ તથા મીઠાના મળવાપાત્ર પ્રમાણ મુજબ વિનામૂલ્યે અન્ન પુરવઠાનું વિતરણ કરવાનો સંવેદનશીલ નિર્ણય મુખ્યમંત્રીએ કરેલો છે.

ગાંધીનગરની સરકારી કચેરીઓમાં ધીમે ધીમે કામ શરૂ થઈ ગયું છે. કલેકટર કચેરી અને મામલતદાર કચેરીનાં વિવિધ દાખલાઓ લેવા માટે આવતા અરજદારોની સંખ્યા ધીમે ધીમે વધી રહી છે. અહીં અરજદારો સોશ્યલ ડીસ્ટન્સ જાળવે તેવા પ્રયાસો કરવામાં આવે છે પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા અરજદારો હજુ ભીડ ઉભી કરતાં જોવા મળી રહ્યા છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલના કોરોના વોર્ડમાં ભાવવિભોર દ્રશ્યો

વીડિયો કોલિંગથી દરરોજ અમેરિકા રહેતી દીકરીને હોસ્પિટલમાં દાખલ પપ્પા સાથે વાતો કરાવતો હોસ્પિટલ સ્ટાફ

ગાંધીનગર, તા. ૨૨

'અમને ચિંતા હતી કે અમારું આખું પરિવાર અમેરિકા છે તો પપ્પાને ત્યાં કોણ સાચવશે? થેન્ક્યુ ડોક્ટર, તમે સૌ પરિવારના સભ્યની જેમ મારા પપ્પાની સંભાળ રાખો છો.' આ શબ્દો છે અમેરિકા સ્થિત દીકરી શ્રુતિ સોનીના, જેનાં ૮૩ વર્ષીય વૃદ્ધ પિતા કોરોના પોઝિટિવ છે અને અમદાવાદ સિવિલ હોસ્પિટલના કોરોના વોર્ડમાં દાખલ છે. હોસ્પિટલ સ્ટાફ દરરોજ અમેરિકા રહેતી દીકરીને તેણીના પપ્પા સાથે વીડિયો કોલિંગથી વાતો કરાવે છે અને પરિવારના સભ્યની જેમ જ તેમની કાળજી રાખે છે. સિવિલ હોસ્પિટલના કોરોના વોર્ડમાં ભાવવિભોર દ્રશ્યો સર્જાય છે.

હાલની સ્થિતિમાં કોઈને સામાન્ય છીંક આવી હોય તો પણ તેને કોરોના થઈ ગયો હશે તેવુ સમજીને આસપાસમાં રહેલી વ્યક્તિ ત્યાંથી ખસી જતી હોય છે, ત્યારે આવા સંજોગોમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલના કોરોના વોર્ડમાં આકાર લેતી આવી ઘટના નવી ઊર્જાનો સંચાર કરે છે. હોસ્પિટલમાં કાર્યરત સ્ટાફ પોતાના પરિવારના સભ્યની જેમ કોરોના



પોઝિટિવ દર્દીઓની સંભાળ લે છે.

અમદાવાદના ૮૩ વર્ષીય ચિનુદાદાને કોરોનાનો રીપોર્ટ પોઝીટીવ આવતાં સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા છે. ચિનુદાદાના સંતાનો વર્ષોથી અમેરિકામાં સ્થાયી થયેલા છે ત્યારે તેમની દેખભાળ રાખી શકે તે માટે અમદાવાદમાં કોઈ નથી. પરંતુ અમદાવાદ સિવિલ હોસ્પિટલના સ્ટાફ દ્વારા તેઓની પરિવારના સદસ્યની જેમ સાર-સંભાળ રાખવામાં આવી રહી છે.

અમેરિકાથી શ્રુતિ સોની લાગણીસભર શબ્દોમાં જણાવે છે કે, "જ્યારથી પપ્પાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો ત્યારથી તેમની સાથે સંપર્ક કરવા અને તેમની દેખરેખ સહિતના પ્રશ્ને અમને ખૂબ જ ચિંતા થતી હતી પરંતુ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતેથી દરરોજ મને અને મારા સમગ્ર પરિવારને વોટ્સએપના મારફતે વિડીયો કોલિંગ કરાવીને મારા પપ્પા સાથે વાતચીત કરાવે છે. ત્રણ દિવસ પછી તા.૨૬ મી મે ના રોજ પપ્પાનો જન્મ દિવસ છે."

શ્રુતિ જણાવે છે કે, અમને એ વાતનો ખૂબ જ આનંદ થયો કે ડોક્ટર્સ, નર્સ, પેરા મેડીકલ સહિતનો તમામ મેડીકલ સ્ટાફ મારા પપ્પાની ખૂબ જ કાળજી રાખી રહ્યો છે. તેમને બિલકુલ એકલા હોવાનો અહેસાસ પણ થવા દેતા નથી. જેથી અત્યારે અમે અમેરિકા હોવા છતાં ચિંતામુક્ત બન્યા છીએ. હોસ્પિટલના સમગ્ર સ્ટાફને હું હૃદયપૂર્વક થેંક્યુ કહું છું.

વીડિયો કોલિંગમાં વાતો કરતા-કરતા કોરોના વોર્ડમાં દાખલ ચિનુદાદા પણ દીકરીને સાંત્વના આપતા કહેતા હતા કે, બેટા ચિંતા ના કરતી, અહીં બધા મને ખૂબ જ સાચવે છે. આ શબ્દોથી અમેરિકા સ્થિત તેમના પરિવારની અડધી ચિંતા ઓછી થઈ ગઈ હોવાની લાગણી તેમણે વ્યક્ત કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે કોરોનાના દર્દીઓની તેમના પરિવારજનોને રીઅલ ટાઈમ ઈન્ફોર્મેશન પ્રાપ્ત થાય તે હેતુસર 'કોવિડ કમાન્ડ કંટ્રોલ ડેશબોર્ડ' કાર્યરત કરવામાં આવ્યું છે. ડેશબોર્ડમાં દર્દીનું નામ, વિવિધ રીપોર્ટની માહિતી, દર્દીની સ્થિતિ, ક્યા વોર્ડમાં દાખલ, દાખલ કર્યાની તારીખ, ડિસ્ચાર્જ કર્યાની તારીખ તેમજ ક્યા ડૉક્ટર દ્વારા સારવાર કરવામાં આવી રહી છે તેની પૂરતી માહિતીનો એક સોફ્ટવેરમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં દર્દીની બદલાતી જતી સ્થિતિ અંગે ખૂબજ ચોકસાઈપૂર્વક માહિતી અપડેટ કરવામાં આવે છે, તેમજ જરૂરી માહિતી દર્દીના સ્નેહીજનોને ટેલિકોલિંગ તેમજ એસએમએસ દ્વારા પૂરી પાડવામાં આવે રહી છે. જેથી દર્દીના સગાઓએ પણ હવે કોઈપણ પ્રકારની અફવાઓથી ભયભીત થવાની જરૂર નથી.

ત્રણ દિવસ પછી ચિનુદાદાનો જન્મ દિવસ : બેટા ચિંતા ના કરતી, અહીં બધા મને ખૂબ સાચવે છે : ચિનુદાદા

APL-1 પરિવારોને પમાં દિને વિનામૂલ્યે અનાજનું વિતરણ

ગાંધીનગર,તા.૨૨

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પ્રવર્તમાન લોકડાઉનની સ્થિતીમાં કોઈને ભુખ્યા સૂવું ન પડે તેવા ઉદાત્ત ભાવથી રાજ્યના મધ્યમવર્ગીય એપીએલ-૧ ૬૧ લાખ પરિવારોના અંદાજે ૨.૫૦ કરોડ લોકોને મે-મહિનામાં પણ વિનામૂલ્યે ૧૦ કિલો ઘઉં, ૩ કિલો ચોખા, ૧ કિલો ખાંડ અને ૧ કિલો ચણાદાળ / દાળ એમ કુલ મળી ૧૫ કિલો પૂરવઠો કુટુંબદિઠ આપવાની રાજ્યના ૬૦મા સ્થાપના દિન ૧ લી મે એ જાહેરાત કરી હતી. ગરીબ-મધ્યમ વર્ગના પરિવારોને અનાજ વિતરણની આ સુંદર કામગીરી માટે જિલ્લા વહીવટીતંત્રો અને એફપીએસના દુકાનદારોને રાજ્ય સરકારે અભિનંદન પાઠવ્યા છે. અમદાવાદ શહેરમાં આ અનાજ વિતરણનો પ્રારંભ તા.૧૮મી મે થી કરવામાં આવ્યો છે. માત્ર પાંચ જ દિવસમાં જ ૪ લાખથી વધુ લોકોએ આ વિનામૂલ્યે અનાજ વિતરણનો લાભ મેળવ્યો છે. અમદાવાદ શહેરની પ્રવર્તમાન પરિસ્થિતીમાં આવા એપીએલ-૧ કાર્ડધારક પરિવારોને સુચારૂ ઢબે સોશિયલ ડિસ્ટન્સીંગના નિયમોનું પાલન, ફરજીયાત માસ્ક સહિતના પૂરતા પ્રબંધ સાથે રેશનકાર્ડના છેલ્લા આંકડાના આધારે નિર્ધારીત દિવસોએ વિનામૂલ્યે અનાજ વિતરણ થાય છે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, શહેરમાં જે કોઈ એપીએલ-૧ કાર્ડધારક આ નિર્ધારિત દિવસમાં અનાજ મેળવવામાંથી બાકી રહી ગયા હોય તેમના માટે આવતીકાલ તા. ૨૩મી મે એ અનાજ વિતરણ માટે મોપ અપ રાઉન્ડ દ્વારા અનાજ વિતરણ કરવામાં આવશે બાકી રહી ગયેલા એપીએલ-૧ કાર્ડધારક પરિવારોને એમનું રાશન મેળવી લેવા રાજ્ય સરકાર દ્વારા અનુરોધ કરાયો છે.

કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ, મોડાસા

જાહેર નિવિદા નં. ૦૧/૨૦૨૦-૨૧

કાર્યપાલક ઈજનેરશ્રી, અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ મોડાસા (ફોન નં. ૦૨૭૭૪-૨૫૦૦૨૦) દ્વારા અલગ-અલગ તાલુકાના નવીન આંગણવાડી મકાનના બાંધકામના કામો, સી.સી. રોડ તથા ડીપ જેની અંદાજીત રકમ રૂ. ૬.૪૧ લાખથી રૂ. ૧૦.૩૧ લાખ થવા જાય છે. જે માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડર માંગવામાં આવે છે. જે વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તથા તા. ૨૭/૫/૨૦૨૦ થી તા. ૧૦/૬/૨૦૨૦ સુધીમાં ટેન્ડર ઓનલાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોક્ત વેબસાઈટ પર તથા માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.com ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે. નામાનિ/હિંમત/૨૮/૨૦૨૦